# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૦૯/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત SGCCI બિઝનેસ કનેકટની મહિલા સાહસિકો દ્વારા પરસ્પર એકબીજાના બિઝનેસમાં વધારો કરવા માટે બિઝનેસ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું

## ચેમ્બરના એસબીસી દ્વારા દર મહિને એક છત હેઠળ એકબીજાના વ્યવસાયની ચર્ચા કરી પરસ્પર બિઝનેસમાં વધારો કરવાના પ્રયાસના ભાગ રૂપે મિટીંગો યોજાય છે

**સુરત:** વિશ્વભરમાં ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે ચેમ્બર ઓફ કોમર્સના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા મળનારી મિટીંગોમાં મહિલા સાહસિકોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ગત ગુરૂવારે તથા શનિવારે મળેલી મિટીંગોમાં મહિલા સાહસિકોએ મિટીંગોનું સુકાન સંભાળ્યું હતું અને પરસ્પર એકબીજાના બિઝનેસમાં વધારો કરી શકે તે માટે બિઝનેસ પ્રેઝન્ટેશન કર્યું હતું. SGCCI બિઝનેસ કનેકટના ચેરમેન ચિરાગ દેસાઇ અને એડવાઇઝર તપન જરીવાલાએ મિટીંગોમાં ખાસ હાજર રહીને મહિલા સભ્યોને બિરદાવ્યા હતા તેમજ તેઓને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા ગુરૂવાર, તા. ૦૭ માર્ચ, ૨૦૨૪ના રોજ SGCCI બિઝનેસ કનેકટ – એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન' મિટીંગ

સીઝનલ લીફ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ ખાતે મળી હતી. આ મિટીંગમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૭૫થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

SGCCI બિઝનેસ કનેકટના કો–ચેરમેન સ્નેહાબેન જરીવાલાના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી. જેમાં તેમણે સર્વેને આવકાર્યા હતા. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી સભ્ય હેમાલી શાહે આપી હતી. ત્યારબાદ કો– ચેરમેને માર્ચ મહિનામાં જે સભ્યોનો જન્મ દિવસ છે તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. એસબીસીના સભ્ય ચાંદની દલાલ તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. ફીચર પ્રેઝન્ટેશન આપનાર સભ્યોનો પરિચય અનુક્રમે પાયલ શાહ, પિંકી દેસાઈ અને અંકિતા વાળંદે આપ્યો હતો. આ મિટીંગમાં એસબીસીના સભ્યો રીતેશ દેસાઈ, કેતન પાનવાલા અને ડો. મન્શાલી દ્વારા પોતાના બિઝનેસનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ડો. મન્શાલીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ત્યારબાદ શનિવાર, તા. ૦૯ માર્ચ, ૨૦૨૪ના રોજ SGCCI બિઝનેસ કનેકટ – એસબીસીની ‘બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન’ મિટીંગ ધ એમોર ખાતે મળી હતી. આ મિટીંગમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૭૫થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

SGCCI બિઝનેસ કનેકટના કો–ચેરમેન સ્નેહાબેન જરીવાલાના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ કો– ચેરમેને માર્ચ મહિનામાં જે સભ્યોનો જન્મ દિવસ છે તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. એસબીસીના સભ્ય હેમાલી શાહ તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. ફીચર પ્રેઝન્ટેશન આપનાર સભ્યોનો પરિચય અનુક્રમે ડો. મન્શાલી, પિંકી દેસાઈ અને સ્વાતી પંજીએ આપ્યો હતો. આ મિટીંગમાં એસબીસીના સભ્યો સંજય નાથાની, જૈમીન શેઠ અને ડો. જહાન્વી વ્યાસ દ્વારા પોતાના બિઝનેસનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. પાયલ શાહે મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના એસજીસીસીઆઈ બિઝનેસ કનેકટનો ખ્યાલ એ જ આધાર પર બનાવવામાં આવ્યો હતો કે ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો આ નેટવર્કિંગ દ્વારા એકબીજા સાથે જોડાય છે. એક છત નીચે બેસીને તેઓ એકબીજાના વ્યવસાયની ચર્ચા કરે છે અને પરસ્પર એકબીજાના બિઝનેસમાં વધારો કરવા માટે પ્રયાસ કરે છે. જેના ભાગ રૂપે દર મહિનામાં તેઓ એસબીસીના સભ્યોના બિઝનેસના પ્રેઝન્ટેશન માટે મિટીંગો કરે છે. જેના ભાગ રૂપે ઉપરોકત મિટીંગો મળી હતી.